ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date :1st February, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................,
ભાવનગર.

## ૨૮મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજયન કુલ ૩૩ સંશોધનો પૈકી ભાવનગર જિલ્લના ૩ સંશોધનો રાષ્ટ્રીય કક્ષા માટે પસંદ કરાયા.

સતત ૭ વર્ષથી ભાવનગર જીલ્લાના બળ વૈજ્ઞાનિકો રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યના પ્રતિનિધિત્વમાં જોડાય છે તે આપણા માટે ગૌરવવંતી બાબત છે. : ડો. ભાવેશ ભરાડ (ચેરમેન, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર)

આપણે રોજ ટેકનોલોજી અને વિજ્ઞાનના ઉત્પાદનોથી ઘેરાયેલા છીએ. આપણા જીવનના દરેક પાસાને અસર કરતી જાહેર નીતિના નિર્ણયો વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત છે. આદર્શરીતે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પદ્ધતિ શીખવવીએ તેમને કેવી રીતે વિચારવું, શીખવું, સમસ્યાઓનું નિરાકરણ કરવું અને જાણકાર નિર્ણયો લેવા તે તરફ પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૭ વર્ષથી ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માટે મુખ્ય વિષય 'નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન'. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંચાલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(GUJCOST)**, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

તા.૨૭ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ "વિજ્ઞાન ભવન", ભાવનગર ખાતે જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૪ લઘુ સંશોધનો રજુ થયેલ. જેમાંથી કુલ ૫ સંશોધન રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યા હતા. રાજ્ય કક્ષાની ૨૮મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લામાંથી કુલ ૧૫૬ જેટલા લઘુ સંશોધનો પ્રસ્તુત થયેલ. આ સંશોધનો પૈકી શ્રેષ્ઠ ૩૩ સંશોધનો રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામેલ.

રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામેલ ૩૩ શ્રેષ્ઠ સંશોધન પૈકી ભાવનગર જીલ્લાના ૩ સંશોધનો પસંદગી પામેલ છે. જેમાં શ્રી ગગજીભાઇ સુતરીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની જશ્ય જોગીનું લઘુ સંશોધન 'સોપનટ પ્રવાહી', મહેંદી શાળાની મહેરીન મેઘાણીનું લઘુ સંશોધન 'મડ થેરાપી' અને શ્રી જ્ઞાનમંજરી વિદ્યાપીઠની વૈજંતી ઓઝાનું લઘુ સંશોધન 'ગોલ્ડન વેસ્ટ બનાના પીલ્સ' નો સમાવેશ થયેલ છે. આ વિદ્યાર્થીઓ આગામી ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં યોજાનાર ૨૮મી રાષ્ટ્રીય બળ વિજ્ઞાન પરિષદ-૨૦-૨૧ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામેલ ભાવનગર જીલ્લાના ત્રણેય વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષક શ્રી દિપ્તીબેન સાકરવાડિયા, શ્રી હર્ષાબેન ભાટિયા અને શ્રી ફાતિમા મેઘણીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન શ્રી ડૉ. ભાવેશ ભરાડ દ્વારા શુભેચ્છા પાઠવામાં આવેલ.

1/02/2021
5:25 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar